ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૮ ટકા

# શહેરમાં પારિવારિક માહોલમાં શરદોત્સવ ઉજવાશે

## કોરોનાને લીધે જાહેર કાર્યક્રમો થશે નહી : શરદ-પૂર્ણિમાને અનુલક્ષી ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીની વાર્તા પણ રસપ્રદ

ગાંધીનગર, તા.૨૯

અશ્વિન માસમાં આવતી પૂર્ણિમા શરદપૂર્ણિમા. હિંદુ ધર્મમાં તેનું અનેરૂ મહત્વ છે. આ પૂર્ણિમા વર્ષભરમાં આવતી બધી પૂર્ણિમાથી શ્રેષ્ઠ ગણાય છે. આ દિવસે ચંદ્રમાનું પૂજન કરવાનું ખૂબ જ મહત્વ છે. ચંદ્ર શીતળતા અર્પે છે અને આ દિવસે ચંદ્રમાને દૂધ પૌંઆ પણ ચઢાવવામાં આવે છે.

આમ તો દર વર્ષે શરદપૂનમની ઉજવણી શહેરમાં ધામધૂમથી થતી હોય છે. મંદિરોમાં ગરબાના આયોજન સાથે દૂધ પૌંઆનો પ્રસાદ પણ ચઢાવાય છે પરંતુ આ વર્ષે કોરોનાને કારણે કોઈ જાહેર ઉજવણી નહી થાય. દરેક તહેવારોની જેમ શરદપૂર્ણિમા પણ શહેરીજનો ઘરે રહીને જ ઉજવશે. સાથે દૂધ પૌંઆનો પ્રસાદ પણ ઘરે રહીનો જ ચંદ્રમાને ચઢાવાશે.

શરદ પૂર્ણિમાએ મહાલક્ષ્મીનો જન્મ થવાથી ધરતી પર ચંદ્રએ અમૃતની વર્ષા કરી છે જેથી તેનું મહત્વ વધુ છે. આની પાછળ વાત એ છે કે વિષ્ણુ ભગવાનને એક દિવસ ધરતી પર ફરવાની ઈચ્છા થઈ તો લક્ષ્મીજી પણ સાથે થયા. તેમણે લક્ષ્મીજીને ધરતી પર જાય ત્યારે ઉત્તર દિશા તરફ ન જોવા જણાવ્યું હતું અને માતાજીએ તેમને વચન પણ આપ્યું. વિષ્ણુજી અને લક્ષ્મીજી પૂર્ણિમાના દિવસે જ ધરતી પર આવ્યા.



ધરતી પર શરદઋતુ ચાલતી હોવાથી ચારે બાજુ હરિયાળી હતી તે જોવામાં માતાજી વચન ભૂલી ગયા અને ચારે તરફ જોવા લાગ્યા અને ઉત્તાર દિશામાં જ જઈ ફૂલ તોડીને લઈને આવ્યા. આ જોઈ પ્રભુને દુઃખ થયું અને તેમણે કોઈની પણ વસ્તુ પૂછયા વગર લેવા બદલ તે બગીચાના માળીને ત્યાં રહી લક્ષ્મીજીને કામ કરવા જણાવ્યું. માળીને ત્યાં લક્ષ્મીજીએ જઈને કામ માંગ્યુ તો માળીએ કહ્યું કે મારી દીકરી બનીને રહે અને મા લક્ષ્મી ત્યાં રહ્યા ને માળી તો અમીર બન્યા. લક્ષ્મીજીનો ફોટો જોઈ ખબર પડી કે એમના ઘરમાં સાક્ષાત લક્ષ્મીજી આવ્યા છે અને તેમણે લક્ષ્મીજીની માફી માંગી. લક્ષ્મીજીએ તેમને વચન આપ્યું કે તેમને અને પરિવારને સદાય ખુશી મળે.

જયોતિષી નીલાબેન ઠકકરના કહ્યા મુજબ જયોતિષ શાસ્ત્ર પ્રમાણે આ દિવસે ચંદ્ર પથ્વીથી વધારેમાં વધારે નજીક હોય છે જેથી ચંદ્ર પોતાની સોળેય કળાએ ખીલે છે અને આખા વર્ષમાં શરદપૂર્ણિમાએ ચંદ્ર સૌથી મોટો હોય છે.

ચંદ્રનો પ્રકાશ કેવલ શાંત અને શીતળ નથી પરંતુ એટલો જ ઉપયોગી અને ઉપકારક છે. ખેતરમાં રહેલા અનાજ તેમજ અનેક પ્રકારની ઔષધીના ગુણને પુષ્ટ કરવામાં ચંદ્ર મહત્વનો ભાગ ભજવે છે.



ગુજરાત પોલીસ હાઉસિંગ કોર્પોરેશનમાં ૩૦ વર્ષની સુદીર્ઘ સેવા આપ્યા બાદ આજે સિનિયર મેનેજર પ્રસોનલ એન્ડ એડમિનિસ્ટ્રેશનની જગાએથી વયનિવૃત્ત થતા મેનેજીંગ ડાયરેકટર શ્રી હસમુખભાઈ પટેલ આઈપીએસ દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી. પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના કર્મયોગીઓએ શ્રી નિપુલ ઠાકરની નિર્ણયકતા અને સંવેદનશીલ કાર્યશૈલીને હૃદયપૂર્વક યાદ કરી હતી.

# શહેરમાં દિવાળીના પડઘમ : ગૃહિણીઓ-વેપારીઓએ તૈયારીઓ આરંભી

## ગૃહિણીઓએ ઘરની સાફ સફાઈથી માંડીને સજાવટના કાર્યો હાથ ધર્યા : વેપારીઓએ પણ દુકાન-શો રૂમની સાફસફાઈ સાથે દિવાળી સીઝનમાં ગ્રાહકોને આકર્ષવા કમર કસી

ગાંધીનગર, તા.૨૯

શહેરમાં દિવાળી ઢુકડી આવી રહી હોવાના એંધાણ વર્તાઈ રહ્યા છે અને તેની ચહલ-પહલની શરૂઆત થઈ ગઈ હોવાનું અનુભવાઈ રહ્યું છે. શહેરમાં ગૃહિણીઓએ ઘરની સાફ સફાઈ સહિતના દિવાળી કાર્યો હાથ ધર્યા છે જયારે બજારમાં વેપારીઓ દ્વારા દુકાનો શૉ-રૂમને સાફસુફ કરી સજાવવાથી માંડીને નવો સ્ટોક ભરવાનો તેમજ ગ્રાહકો માટે દિવાળીની ઓફરોની જાહેરાતો કરવાનું શરૂ કરી દીધું છે. શહેરીજનોએ પણ પોતાની અનુકુળતા મુજબ બજારમાં છેલ્લા ટાણે ભીડમાં જઈને કોરોના સંક્રમણનું જોખમ ખેડવું ના પડે તે ધ્યાનમાં રાખીને નાની-મોટી ખરીદીનો આરંભ કરી દીધેલો જણાઈ રહ્યો છે તેમજ નવા ફર્નિચર-રંગ રોગાનના કાર્યો પણ હાથ ધરાયા હોવાનું પ્રતિત થઈ રહ્યું છે.

શહેરના સેકટરો સહિત નવ વિકસિત સોસાયટીઓ વગેરેમાં ગૃહિણીઓ દ્વારા ઘરની સાફસફાઈ સહિતના દિવાળી કાર્યો આરંભ કરી દીધા છે. જેના પગલે મકાનો પર તડકે મુકવામાં આવેલા ગાદલાંઓની રંગબેરંગી હારમાળાઓ ધાબાની પાળીઓ પર જોવા મળી રહી છે તે ઉપરાંત ધાબાઓ પર કઠોળ-મસાલાં વગેરેને તપાવવાની પ્રક્રિયા પણ હાથ ધરાયેલી જોવા મળી રહી છે. ફ્લેટ-એપાર્ટમેન્ટ જેવી સોસાયટીઓમાં સોસાયટીના આંતરિક ભાગોમાં ઘરનું રાચરચીલું બહાર કાઢી તેને ધોઈ કે સાફ કરતી ગૃહિણીઓ જોવા મળી રહી છે તો સેકટરોમાં સરકારી આવાસોના ચોકઠાંમાં ખાટલા પાથરીને કપડાં-ગાદલાં-કઠોળ તપાવવા મુકાયેલા જોવા મળી રહ્યા છે.

બીજી તરફ શહેરના વેપારીઓ દ્વારા પણ આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને શકય હોય તેટલો વધુ વેપાર અંકે કરી લેવા કમર કસવામાં આવી રહી છે. દિવાળી એ ભારતીય સમાજમાં સૌથી મોટો તહેવાર છે અને આ વર્ષે આમ પણ કોરોના વાયરસ સંક્રમણને પગલે સર્જાયેલી લોકડાઉન સહિતની સ્થિતિમાં વેપાર ધંધા તદ્દન નબળાં રહ્યા છે ત્યારે હવે વેપારીઓની દિવાળી સીઝન પર મીટ મંડાય તે સ્વાભાવિક છે. દિવાળી સીઝન સુધરે તે માટે વેપારીઓ દ્વારા અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે જેમાં દુકાન શો રૂમની સાફસફાઈથી માંડીને સજાવટ-શણગાર કરવા, નવો સ્ટોક ગોઠવવો, વધુ ગ્રાહકોને આકર્ષી શકાય તે માટે દિવાળી સ્કીમો-યોજનાઓનું ગઠન કરી તેની જાહેરાત કરવા માટે બોર્ડ-બેનર તૈયાર કરાવવા સહિતના કાર્યો આરંભાયા હોવાથી બજારમાં ચહલપહલ વધવા લાગી છે. વળી, અનેક શહેરીજનોએ પરિવારમાં દિવાળીની ખુશી થકી કોરોના કાળની નિરાશાને ખંખેરવા કમર કસી છે અને છેલ્લી ઘડીએ ભીડમાં ખરીદી ના કરવી પડે તેથી અત્યારથી અનુકૂળતા મુજબ ખરીદી કરી લેવાનું શરૂ કરી દેતાં બજારમાં ઘરાકી પણ જોવા મળી રહી છે.

# ગાંધીનગર શહેરી વિસ્તારમાં ફટાકડાના વેપારનો હંગામી પરવાનો મેળવવા અંગે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેર વિસ્તારમાં ફટાકડાનો હંગામી પરવાનો મેળવવા માટેના અરજી ફોર્મ નંબર-૪ તા. ૨૯ ઓકટોબર થી તા.૪ નવેમ્બર, ૨૦૨૦ દરમ્યાન સવારના ૧૧.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી, ગાંધીનગર ખાતેથી મળશે. ભરેલા ફોર્મ તા. ૪ નવેમ્બર,૨૦૨૦ના ૫.૦૦ કલાક સુધી જનસેવા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્વીકારવામાં આવશે, તેવું મામલતદારશ્રી(જ.ફા) ગાંધીનગરે જણાવ્યું છે.

મામલતદારશ્રી (જ.ફા), ગાંધીનગરે વધુમાં જણાવ્યું છે કે, હંગામી પરવાનાની અરજી ઉપર રૂ. ૩/- ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. લાયસન્સ ફી રૂ. ૨૦૦/- ૫૦૦/- = ૭૦૦/- સદર હેડ '૦૦૭૦', ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્રમાંથી મંજૂર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવવાની રહેશે. જેની એક નકલ અરજી ફોર્મ સાથે બિડાણ કરવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેર શ્રી પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતું હોય તે કચેરીમાં જમા કરાવી ભાડાની પહોંચ અરજી પત્રક સાથે બીડવાની રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિકક્ષ ઈજનેરશ્રી, ગાંધીનગર તરફથી નિયત કરવામાં આવે તે સેકટર માટે જ હંગામી લાયસન્સ આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. પ્લોટની ફાળવણી ડ્રો ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી અથવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કરવામાં આવશે. જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. જેથી પ્લોટનું ભરેલું ભાડું રીફંડ મળશે નહી. પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટીના સાધનોની વ્યવસ્થા લાયસન્સદારે જાતે કરવાની રહેશે. લાયસન્સની શરતો પ્રમાણે આગ/અકસ્માત માટેની સાવચેતીના પગલાં લાયસન્સદારે લેવાના રેહશે. છતાં કોઈ દુર્ઘટના બનશે તો તેની જવાબદારી લાયસન્સ ધારકની જ રહેશે. જરૂર જણાયે લાયસન્સ માટે અરજી કરનારે વિમો લેવાનો રહેશે. લાયસન્સ મેળવનાર વ્યક્તિએ ધંધો જાતે જ કરવાનો રહેશે. અન્ય વ્યક્તિને ધંધો કરાવા અધિકૃત કરી શકશે નહી કે અન્યને વાપરવા આપી શકશે નહી. અરજદારો કોઈ ગુન્હામાં સંડોવાયેલ નથી તેવું પ્રમાણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે. સંબંધિત ફાગર ઓફિસરશ્રીનો અભિપ્રાય પણ અરજી પત્રક સાથે રજૂ કરવાનો રહેશે.



અખંડ ભારતના નિર્માણમાં જેમનું યોગદાન અદ્વિતિય છે તેવા સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિનને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે. આ અવસરે એસ.ટી. ડેપો ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કર્મચારીઓને એકતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

# વ્યાજખોરોના ત્રાસથી શહેરનો યુવક ગુમ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં નાણા ધીરધારનો ધંધો ફુલો ફાલ્યો છે. શહેરમાં વ્યાજે રૂપીયા આપતા વ્યાજખોરોની હેરાનગતી વધી રહી છે. મોટાભાગના વ્યાજખોરો લાયસન્સ વિના જ ધીરધારનો વેપાર કરે છે. ત્યારે પાટનગરમાં વ્યાજખોરોના ત્રાસથી એક યુવક ઘરેથી ચાલ્યો ગયો હોવાનું સામે આવ્યું છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સેકટર-૩ ખાતે રહેતો ૩૬ વર્ષિય યુવકે અગાઉ એક વ્યકિત પાસેથી રૂ.૫ લાખ વ્યાજે લીધા હતા. જેની સામે તેણે કોરા ચેક આપ્યા હતા. જો કે વ્યાજ સહિત પાંચ ઘણી રકમ ચુકવ્યા છતા વ્યાજખોરોએ સંતોષ માન્યો ન હતો.

યુવક પાસો વ્યાજના રૂપીયા માટે વ્યાજખોરોએ દુકાન લખાવી દીધી હોવાનું અને બીજી દુકાન પણ પચાવી પાડવા માટે પ્રયત્નો શરુ કર્યા હતા. ત્યારે નિવૃત અધિકારીનો દિકરો બે દિવસ પહેલા ઘરેથી નીકળી ગયો હતો. જેનુ એકટીવા એક કેનાલ પાસેથી મળી આવતા પરિવારજનો ચિંતિત નજરે પડી રહ્યા છે. મળતી માહિતી મુજબ પરિવારે પોલીસ અને ફાયર બ્રિગેડ ટીમની મદદ લઈ કેનાલમાં શોધખોળ આદરી હતી પરંતુ કંઈ મળ્યું ન હતું. પોલીસને એકટીવામાંથી એક પત્ર મળ્યો છે. જેમાં યુવકે વ્યાજખોરોના ત્રાસથી નીકળ્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે. ત્યારે સમગ્ર મુદ્દે ગુમ યુવકને શોધવા પરિવાર અને પોલીસ બંન્ને દોડાદોડી કરી રહ્યા છે. જો કે બનાવ અંગે પરિવાર દ્વારા સત્તાવાર ફરીયાદ ન કરી હોવાનું, પરંતુ યુવક ગુમ થયો તે અંગે જાણવા જોગ ફરીયાદ કરી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. ત્યારે વ્યાજખોરો સામે પોલીસ તંત્ર લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી કરે તે જરુરી બન્યું છે.



ગાંધીનગરના રાધે રાધે પરિવારના યુવા સભ્યોએ આરસી સેલ્સ ગૃપ એન્ડ પેન ગૃપની મુલાકાત લીધી હતી. જેમાં કંપનીના માલિક રાકેશભાઈ પ્રજાપતિ જેઓ જરૂરિયાતમંદોની સેવા તેમજ રાષ્ટ્રભકિતના કાર્યોમાં અગ્રેસર રહે છે અને મોટીવેશનલ વકતા તથા લેખક સુરેશભાઈ પ્રજાપતિ તેમજ શિક્ષક અને વકતા એવા હિતેષભાઈ પ્રજાપતિ સાથે મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાતના અંતે યુવાનોને સુરેશભાઈ તથા અલકાબેન પ્રજાપતિ લિખિત ૨૦ પુસ્તકનો સેટ 'મનની મિઠાઈ' તથા કોરોના વોરિયર્સ એવોર્ડ, આભારપત્ર તેમજ અન્ય શુભેચ્છા ભેટ અર્પણ કરવામાં આવી હતી.

# સ્વ.મહેશ-નરેશ કનોડીયાને ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૯

રાજયના સુપ્રસિધ્ધ સંગીતકાર અને મેગાસ્ટાર ગુજરાત અને સમાજનું ગૌરવ વધારનાર સ્વ.મહેશ કનોડીયા અને સ્વ.નરેશ કનોડીયાનું દુઃખદ અવસાન થતા ગાંધીનગર જિલ્લા દલિત સેના ઉંડા આઘાત અને શોકની લાગણી અનુભવે છે.સ્વર્ગસ્થના આત્માનો ભગવાન શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે અને પરિવારના સભ્યોને દુઃખ સહન કરવાની ભગવાન શકિત આપે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રધ્ધાંજલિ. જયારે ગાંધીનગર જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ એચ મેસરવાલા, મહામંત્રી ગુલાબચંદ પટેલ અને સંગઠન મંત્રી મોહનભાઈ, કાન્તિભાઈ સહિતના સભ્યો શોકસંદેશ સાથે ધારાસભ્ય હિતુ કનોડીયાની રૂબરૂ મુલાકાત કરીને આશ્વાસન આપ્યું હતું.

## જન્મદિને વધામણી



બી જે શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



નયન પરમાર
મો. ૯૬૬૨૬ ૦૩૫૪૬

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. કાળાજી નેનાજી ઠાકોર, ઉ.વ. ૬૦, હાલીસા, તા. દહેગામ
- સ્વ. ઠાકોર જગાજી ભગવાનજી, ઉ.વ. ૩૯, ચિલોડા મોટા, તા. ગાંધીનગર
- સ્વ. મોતીભાઈ મુળજીભાઈ સોયા, ઉ.વ. ૭૨, સે-૨૫, જીઆઈડીસી, ગાંધીનગર
- સ્વ. કનુભાઈ પથુભાઈ દેસાઈ, ઉ.વ. ૭૧, સે-૨૬, ગાંધીનગર
- સ્વ. અરૂણાબેન સેવંતીલાલ પરમાર, ઉ.વ. ૫૪, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. બાબુભાઈ જીવાભાઈ ગોહિલ, ઉ.વ. ૭૭, કોલવડા, તા. ગાંધીનગર
- સ્વ. કારૂલાલ ગૌતમલાલ જૈન, ઉ.વ. ૬૦, જૈતાના, તા. સલુમ્બર, રાજસ્થાન
- સ્વ. પટેલ કેશુભાઈ સવદાસ, ઉ.વ. ૯૨, સેકટર-૧૯, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. રાજેશ્વર રામુભાઈ આદિવાડ, ઉ.વ. ૩૫, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. ડુંગાણી દેવેન્દ્રભાઈ હંસરાજભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. મંજુલાબેન મનહરલાલ મહેરીયા, ઉ.વ. ૬૬, સેકટર-૧૩, ગાંધીનગર

# આજથી સળંગ ત્રણ દિવસ સરકારી કચેરીઓ-બેંકો બંધ રહેશે

## શુક્રવારે ઈદ-એ મિલાન્દુબી, શનિવારે સરદાર જયંતિ અને રવિવારની મળીને સળંગ ત્રણ જાહેર રજાઓ સચિવાલયમાં બપોર પછી ત્રણ દિવસ વતનમાં કે ફરવા જવા માંગતા કર્મચારીઓ વહેલા નીકળી ગયા

ગાંધીનગર, તા.૨૯

શહેરમાં ફરી એકવાર સળંગ ત્રણ રજાઓનો યોગ થવા પામ્યો છે જેના કારણે શુક્ર-શનિ-રવિ એમ ત્રણ દિવસ સુધી તમામ સરકારી કાર્યાલયો સહિત બેંકો પણ બંધ રહેશે. સળંગ ત્રણ રજાઓના પગલે આજે શહેરની બેંકોમાં ગ્રાહકોની ભીડ અન્ય દિવસો કરતાં થોડી વધુ જોવા મળી હતી. જયારે સચિવાલય સહિતની સરકારી ઓફિસોમાં અનેક કર્મચારીઓએ ત્રણ દિવસ માટે પોતાના વતનમાં કે બહારગામ જવાના પ્રોગ્રામ ગોઠવી રાખ્યાં હોવાથી સાંજે વહેલા નીકળી જવાનું ગોઠવી દેતાં બપોર પછી કાર્યાલયોમાં હાજરી પર અસર સ્પષ્ટ વર્તાઈ હતી.

શુક્રવારે તા. ૩૦મી ઓકટોબરે ઈદ-એ-મિલાન્દુબીના તહેવારની જાહેર રજા છે તે પછી તા. ૩૧મી ઓકટોબર શનિવારે ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની જાહેર રજા છે. અને તા. ૧લી નવેમ્બરે રવિવાર હોવાથી સળંગ ત્રણ રજાઓનો યોગ સર્જાયો છે. ત્રણેય દિવસ જાહેર રજાને કારણે બેંકો પણ બંધ રહેશે. અને સરકારી અર્ધ સરકારી કચેરીઓ પણ બંધ રહેશે જેના લીધે ત્રણ દિવસ દરમિયાન પાટનગરના માર્ગો પર સુનકાર છવાઈ જશે તેવું જણાઈ રહ્યું છે. વળી, આજે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના થયેલા નિધનને પગલે સરકારે એક દિવસનો શોક જાહેર કર્યો હોવાથી પણ શુક્રવારે તમામ સરકારી કામકાજ બંધ રહેવાના છે. જો કે સળંગ ત્રણ રજાઓ આવતી હોવાનું કર્મચારીઓને અગાઉથી ખબર હતી જેના કારણે અનેક કર્મચારીઓએ અગાઉથી જ પોતાના વતન જવાના કાર્યક્રમ ગોઠવી દીધા હતા. કોરોના કાળને લીધે આ રજાઓમાં બહારગામ ફરવા જવાનું મોટાભાગના કર્મચારીઓ સહિત નાગરિકોએ ટાળ્યું છે તેમ છતાં ઘણા સાહસિકોએ પરિવાર સાથે ફરવા જવાના કાર્યક્રમો પણ ગોઠવ્યાં છે.

વતનમાં જવાનું હોય કે ફરવા પરંતુ તેમાં વધુ સમય મળે તે હેતુથી ગુરુવારે સાંજે જ ઘરેથી નીકળી સ્થળ પર પહોંચી જવું તેવુ પ્લાનિંગ કર્યું હોય તેવા કર્મચારીઓએ આજે તેમના કામકાજ વહેલા આટોપી ઉપરી અધિકારીની મંજૂરી લઈ ઓફિસમાંથી ચાર કે પાંચ વાગ્યામાં જ નીકળી જવાનું આયોજન કર્યું હોવાને કારણે બપોર પછી સચિવાલયની તેમજ અન્ય ભવનોની ઘણી સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરી ઘટી જવા પામી હતી. જેના કારણે સાંજે પીકઅવર્સમાં ટ્રાફિક પણ રોજ કરતાં હળવો જણાયો હતો. આ સાથે શહેરીજનો પણ સળંગ ત્રણ રજાઓમાં બેંકો બંધ રહેવાની હોવાથી આજે તેમના કામો આટોપવા પહોંચી જતા બેંકોની શાખાઓમાં રોજ કરતાં થોડી ભીડ વધુ જોવા મળી હતી. આ ત્રણ રજાઓ દરમિયાન શરદપૂર્ણિમા પણ આવતી હોવાથી તેને અનુલક્ષીને પણ મિત્ર વર્તુળો સાથે કેટલાંક ગૃપ આયોજનો થયા હોવાનું જાણવા મળ્યું છે.